# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૫/11863

તા.04/10/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ

સુરત.જિ.સુરત

**વિષય**:- આગામી વિકાસ સપ્તાહની ઉજવણી કરવા બાબત.

**સંદર્ભ**:- કમિશનર શાળાઓની કચેરી, બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯, ગાંધીનગરનો પત્રાંક નં.માધ્ય/પરચ/૨૦૨૫/૭૨૧૦-૭૨૪૪ તા.૧૭/૦૭/૨૦૨૫નો પત્ર અન્વયે.

આ સાથે સામેલ કમિશનર શાળાઓની કચેરી, બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯,ગાંધીનગરનો પત્રાંક નં.માધ્ય/પરચ/૨૦૨૫/૭૨૧૦-૭૨૪૪ તા.૧૭/૦૭/૨૦૨૫ અન્વયે ગુજરાતના ૧૪મા મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળવામાં આવેલ, ત્યારથી ગુજરાતની વિકાસયાત્રાને અવિરત ચાલુ રાખી **"નાગરિક પ્રથમ અભિગમ"** સાથે લોકાભિમુખ અને સક્રિય શાસનના પગલાના ભાગરૂપે રાજય સરકાર દ્વારા સમગ્ર રાજયમાં દર વર્ષે ૭ થી ૧૫ ઓકટોબર દરમિયાન "વિકાસ સપ્તાહ" ઉજવવાનું સામાન્ય વહીવટ વિભાગના તા.૦૭/૧૦/૨૦૨૪ના ઠરાવમાં દર્શાવેલ કાર્યક્રમની સુચના ક્રમ નં. ૭ અને ૧૩ માં **"વિકાસ સપ્તાહ"** અંતર્ગત શિક્ષણવિભાગ સંબંધિત કામગીરી સૂચવેલ છે.

જે અન્વયે ઠરાવની વિગતો ધ્યાને લઇ શિક્ષણને લગત સંબંધિત મુદ્દા પરત્વે તાત્કાલિક જરૂરી કાર્યવાહી/કાર્યક્રમ કરી અહેવાલ મોકલી આપવા જણાવવામાં આવે છે.

ગુજરાતમાંથી લખપતિ દીદીઓ અને ડ્રોન દીદીઓ તેમજ અન્ય ક્ષેત્રમાં સફળતા મેળવેલ બહેનોને અતિથિ તરીકે બોલાવી શાળાઓમાં ખાસ કરીને આદિવાસી વિસ્તારની શાળાઓમાં તેઓના પ્રવચનોનું આયોજન કરવાનું રહેશે તથા શાળાઓમાં ગુજરાતની વિકાસયાત્રાને કેન્દ્રમાં રાખીને કવીઝનું આયોજન કરવાનું રહેશે. આ સાથે સામેલ પરિપત્ર અન્વયે આપની કક્ષાએ યોગ્ય અમલ કરવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત.જિ.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

**કમિશનર શાળાઓની કચેરી,**

**બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર**

ક્રમાંક: માધ્ય./પરચ/૨૦૨૫/ 7210 - 7266

તા. 09/07/2025

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ

વિષય:- આગામી વિકાસ સપ્તાહની ઉજવણી કરવા બાબત

સંદર્ભ: શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: ED/0419/07/2025 Approved Date: 10-07-2025

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતના ૧૪મા મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળવામાં આવેલ, ત્યારથી ગુજરાતની વિકાસયાત્રાને અવિરત ચાલુ રાખી "નાગરિક પ્રથમ અભિગમ" સાથે લોકાભિમુખ અને સક્રિય શાસનના પગલા લેવામાં આવી રહેલ છે. ૨૦01 થી ૨૦૨૪નો સમય ગુજરાતના વિકાસનો સંક્રાંતિકાળ રહ્યો છે, અને હવે વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનું લક્ષ્ય સિદ્ધ કરવાના સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા ગુજરાતની વિકાસ યાત્રાને અવિરત ચાલુ રાખી "નાગરિક પ્રથમ અભિગમ" સાથે લોકાભિમુખ અને સક્રિય શાસનના પગલાના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં દર વર્ષે ૭ થી ૧૫ ઓકટોબર દરમિયાન "વિકાસ સપ્તાહ" ઉજવવાનું સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૭/૧૦/૨૦૨૪ના ઠરાવથી ઠરાવવામાં આવેલ છે અને "વિકાસ સપ્તાહ" દરમિયાન થનાર કાર્યક્રમોની માર્ગદર્શિતા પણ સૂચવેલ છે. આ કાર્યક્રમોની માર્ગદર્શિતા તત્કાલ સંદર્ભ સારુ આ સાથે સામેલ રાખેલ છે.

ઉક્ત કાર્યક્રમોના સુચારુ અમલીકરણના હેતુથી માન. મુખ્ય સચિવશ્રી દ્વારા સદર ઠરાવનું યોગ્ય અમલીકરણ કરવા તથા જરૂરી કાર્યક્રમો આયોજીત કરવા સૂચના આપેલ છે.

આથી સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૭/૧૦/૨૦૨૪ના ઠરાવમાં દર્શાવેલ કાર્યક્રમની સુચના ક્રમ નં. ૭ અને ૧૩ માં "વિકાસ સપ્તાહ" અંતર્ગત શિક્ષણ વિભાગ સંબંધિત કામગીરી સૂચવેલ છે. જે અન્વયે ઠરાવની વિગતો ધ્યાને લઇ શિક્ષણને લગત સંબંધિત મુદ્દા પરત્વે તાત્કાલિક જરૂરી કાર્યવાહી/કાર્યક્રમ કરી અહેવાલ મોકલી આપવા જણાવવામાં આવે છે.

બિડાણ: ૧. સંદર્ભદર્શિત પત્ર

૨. સા.વ.વિ. નો તા. ૦૭/૧૦/૨૦૨૪ નો ઠરાવ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત.
9326
21-7

નાયબ શિક્ષણ નિયામક

માધ્યમિક

ગુ.રા., ગાંધીનગર

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જી. મ. ભવન, ગાંધીનગર.

(૨) કમિશ્નરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, ગાંધીનગર.

(૩) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જી.મે ભવન,ગાંધીનગર.

**વિષય:** આગામી વિકાસ સપ્તાહની ઉજવણી કરવા બાબત.

**શ્રીમાન,**

ઉપર્યુકત વિષય પરત્વે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૭/૧૦/૨૦૨૪ના ના ઠરાવ ક્રમાંક: GAD/AWR/e-file/1/2024/5639/ARTD-2 આ સાથે મોકલી આપતાં જણાવવાનું કે, ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતના ૧૪મા મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળવામાં આવેલ, ત્યારથી ગુજરાતની વિકાસયાત્રાને અવિરત ચાલુ રાખી "નાગરિક પ્રથમ અભિગમ" સાથે લોકાભિમુખ અને સક્રિય શાસનના પગલા લેવામાં આવી રહેલ છે. ૨૦૦૧ થી ૨૦૨૪નો સમય ગુજરાતના વિકાસનો સંક્રાંતિકાળ રહ્યો છે, અને હવે વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનું લક્ષ્ય સિદ્ધ કરવાના સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા ગુજરાતની વિકાસ યાત્રાને અવિરત ચાલુ રાખી "નાગરિક પ્રથમ અભિગમ" સાથે લોકાભિમુખ અને સક્રિય શાસનના પગલાના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં દર વર્ષે ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન "વિકાસ સપ્તાહ" ઉજવવાનું સદર ઠરાવથી ઠરાવવામાં આવેલ છે અને "વિકાસ સપ્તાહ" દરમિયાન થનાર કાર્યક્રમોની માર્ગદર્શિતા પણ સૂચવેલ છે. આ કાર્યક્રમોની માર્ગદર્શિતા તત્કાલ સંદર્ભ સારુ આ સાથે સામેલ રાખેલ છે.

ઉક્ત કાર્યક્રમોના સુચારુ અમલીકરણના હેતુથી માન. મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષસ્થાને તા.૨૦/૦૬/૨૦૨૫ ના રોજ બેઠક યોજાયેલ, જેમાં સદર ઠરાવનું યોગ્ય અમલીકરણ કરવા તથા જરૂરી કાર્યક્રમો આયોજીત કરવા સૂચના આપેલ છે.

સદર બાબતના શિક્ષણ વિભાગના નોડલ અધિકારીશ્રી તરીકે કમિશનરશ્રી(ઉચ્ચ શિક્ષણ) રહેશે.

..

<u>આથી સદર ઠરાવમાં દર્શાવેલ કાર્યક્રમની સુચીના ક્રમ નં. ૭, ૧૦ અને ૧૩ માં "વિકાસ સપ્તાહ" અંતર્ગત શિક્ષણ વિભાગ સંબંધિત કામગીરી સૂચવેલ છે. જે અન્વયે ઠરાવની વિગતો ધ્યાને લઇ આપને સંબંધિત મુદ્દા પરત્વે તાત્કાલિક જરૂરી સૂચના થઈ આવવા આપશ્રીને આજ્ઞાનુસાર વિનંતી છે.</u>

આપનો વિશ્વાસુ,

<u>બિડાણ:</u> ઉપર મુજબ

(જી. ટી. પંડ્યા, IAS)

અધિક સચિવ

શિક્ષણ વિભાગ

<u>નકલ રવાના :-</u>

- નાયબ સચિવશ્રી(પ્રાથમિક), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(ઉચ્ચ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(ટેકનિકલ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(માધ્યમિક), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

**વિકાસ સપ્તાહની ઊજવણી કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક : GAD/AWR/e-file/1/2024/5639/ARTD-2
સચિવાલય, ગાંધીનગર
તા.૦૭/૧૦/૨૦૨૪

**પ્રસ્તાવના:**

ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સૌપ્રથમ તારીખ ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતના ૧૪મા મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળવામાં આવેલ, ત્યારથી ગુજરાતની વિકાસ યાત્રાને અવિરત ચાલુ રાખી "નાગરિક પ્રથમ અભિગમ" સાથે લોકાભિમુખ અને સક્રિય શાસનના પગલા લેવામાં આવી રહેલ છે. તેમજ ગુજરાતના વિકાસની વણથંભી વણઝાર ચાલુ રહેલ છે. જેને આ વર્ષે ૨૩ વર્ષ પૂર્ણ થાય છે. ૨૦૦૧ થી ૨૦૨૪નો સમય ગુજરાતના વિકાસનો સંક્રાંતિકાળ રહ્યો છે, અને હવે વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનું લક્ષ્ય સિદ્ધ કરવાની ગુજરાત સરકારની નેમ છે. જેના સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં દર વર્ષે ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન "વિકાસ સપ્તાહ" ઉજવવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે ગુજરાતની વિકાસ યાત્રાને અવિરત ચાલુ રાખી "નાગરિક પ્રથમ અભિગમ" સાથે લોકાભિમુખ અને સક્રિય શાસનના પગલાના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં દર વર્ષે ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન "વિકાસ સપ્તાહ" ઉજવવાનું આથી ઠરાવવામાં આવે છે.

**"વિકાસ સપ્તાહ"દરમિયાન મુખ્યત્વે નીચે મુજબના કાર્યક્રમો કરવાના રહેશે:-**

"વિકાસ સપ્તાહ"ની ઉજવણી અંતર્ગત થીમેટિક દિવસો, વિકાસ પદયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમો, વિકાસ પ્રદર્શન, સોશિયલ /ડિજીટલ મીડિયા ઝુંબેશ, સફળતાની વાર્તાઓ, યુવા વર્ગની સહભાગિતા, કલા સ્થાપત્ય(Art Installation), વિકાસ રથ, ગુજરાત વિકાસ ઇનોવેશન એક્સ્પો, ગુજરાતના મહત્વના સ્થળોનું સુશોભન, ભીંત ચિત્રો(Wall Painting), શાળાઓમાં પ્રવચનો અને ક્વીઝનું આયોજન વગેરે કાર્યક્રમોનો સમાવેશ કરવાનો રહેશે. જે વિગતવાર નીચે મુજબ છે:-

| ક્રમ | કાર્યક્રમ | વિગત | સંબંધિત વિભાગ |
|---|---|---|---|
| ૧ | થીમેટિક દિવસો | અલગ અલગ દિવસોમાં જરૂરિયાતમંદ પરિવારો, યુવા, મહિલા, અન્નદાતા સહિત સમાજના તમામ વર્ગોના કલ્યાણ હેતુસર કાર્યક્રમો યોજી તે અંતર્ગત યુવા સશક્તિકરણ દિવસ, સુશાસન દિવસ, ઉદ્યોગ સાહસિકતા દિવસ, પોષણ અને આરોગ્ય દિવસ, પ્રાકૃતિક ખેતી સંબંધિત કાર્યક્રમની સાથો સાથ વિકાસ સપ્તાહ દરમિયાન વિકાસલક્ષી વિવિધ કામનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત વગેરે કાર્યક્રમો હાથ ધરવાના રહેશે. | મહિલા અને બાળ વિકાસ વિભાગ,<br>ઉદ્યોગ અને ખાણ વિભાગ,<br>આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,<br>આયોજન પ્રભાગ(સામાન્ય વહીવટ વિભાગ),<br>રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ,<br>શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,<br>પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ<br>કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ તથા અન્ય સંબંધિત વિભાગો |
| ૨ | વિકાસ પદયાત્રા | શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસ યાત્રા સાથે જોડાયેલ જગ્યાઓનો સમાવેશ કરી પદયાત્રાનું આયોજન કરવાનું રહેશે. આ પદયાત્રા દરમિયાન સહભાગીઓને આ સ્થળોનો શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસ યાત્રામાં શું મહત્વ અને યોગદાન છે તે અંગેની સમજણ આપવાની રહેશે. | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ |
| ૩ | સાંસ્કૃતિક કાર્યક્રમો | સ્થાનિક કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી, તેમાં પ્રદર્શન, લોકનૃત્યો અને વિકાસની ઉજવણી કરતા ગીતોનો સમાવેશ કરવાનો રહેશે. | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ |
| ૪ | વિકાસ પ્રદર્શન | શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત અને દેશમાં થયેલી પહેલો અને સરકારી યોજનાઓની સફળતાની ગાથા રજૂ કરતાં પ્રદર્શનો રાજ્યના વિવિધ જિલ્લાઓમાં યોજવામાં આવશે. | માહિતી અને પ્રસારણ વિભાગ |
| ૫ | સોશિયલ /ડિજીટલ મીડિયા ઝુંબેશ | "વિકાસ સપ્તાહ" હેશટેગ સાથે સોશિયલ મીડિયા ઝુંબેશ શરૂ કરી ગુજરાત/ભારતમાં સરકારની નીતિઓએ નાગરિકોના જીવન પર કેવી રીતે સકારાત્મક અસર કરી છે, સમુદાયની ભાવના બનાવી અને સર્જનાત્મકતા કેળવી છે, તે વિશે તેમની વાર્તાઓ અનુભવો વગેરે સાઝા કરવા પ્રોત્સાહિત કરવાના રહેશે.<br>આ ઝુંબેશ દરમ્યાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી તરીકેના ૨૩ વર્ષના સુશાસન અને સિદ્ધિઓ આવરી લેવાનાં રહેશે. તેમની સામે કયા પડકારો હતા અને તે પડકારોને કેવી રીતે પહોંચી વળ્યા તેને કેન્દ્રમાં રાખી અને કેવી રીતે એક મુખ્યમંત્રી તરીકે ગુજરાતની સેવા કરતા-કરતા તેઓ શ્રી સમગ્ર | માહિતી અને પ્રસારણ વિભાગ, |

| ક્રમ | કાર્યક્રમ | વિગત | સંબંધિત વિભાગ |
|---|---|---|---|
| ૧ | થીમેટિક દિવસો | અલગ અલગ દિવસોમાં જરૂરિયાતમંદ પરિવારો, યુવા, મહિલા, અન્નદાતા સહિત સમાજના તમામ વર્ગોના કલ્યાણ હેતુસર કાર્યક્રમો યોજી તે અંતર્ગત યુવા સશક્તિકરણ દિવસ, સુશાસન દિવસ, ઉદ્યોગ સાહસિકતા દિવસ, પોષણ અને આરોગ્ય દિવસ, પ્રાકૃતિક ખેતી સંબંધિત કાર્યક્રમની સાથો સાથ વિકાસ સપ્તાહ દરમિયાન વિકાસલક્ષી વિવિધ કામનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત વગેરે કાર્યક્રમો હાથ ધરવાના રહેશે. | મહિલા અને બાળ વિકાસ વિભાગ,<br>ઉદ્યોગ અને ખાણ વિભાગ,<br>આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,<br>આયોજન પ્રભાગ(સામાન્ય વહીવટ વિભાગ),<br>રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ,<br>શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,<br>પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ<br>કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ તથા અન્ય સંબંધિત વિભાગો |
| ૨ | વિકાસ પદયાત્રા | શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસ યાત્રા સાથે જોડાયેલ જગ્યાઓનો સમાવેશ કરી પદયાત્રાનું આયોજન કરવાનું રહેશે. આ પદયાત્રા દરમિયાન સહભાગીઓને આ સ્થળોનો શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસ યાત્રામાં શું મહત્વ અને યોગદાન છે તે અંગેની સમજણ આપવાની રહેશે. | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ |
| ૩ | સાંસ્કૃતિક કાર્યક્રમો | સ્થાનિક કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી, તેમાં પ્રદર્શન, લોકનૃત્યો અને વિકાસની ઉજવણી કરતા ગીતોનો સમાવેશ કરવાનો રહેશે. | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ |
| ૪ | વિકાસ પ્રદર્શન | શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત અને દેશમાં થયેલી પહેલો અને સરકારી યોજનાઓની સફળતાની ગાથા રજૂ કરતાં પ્રદર્શનો રાજ્યના વિવિધ જિલ્લાઓમાં યોજવામાં આવશે. | માહિતી અને પ્રસારણ વિભાગ |
| ૫ | સોશિયલ /ડિજીટલ મીડિયા ઝુંબેશ | "વિકાસ સપ્તાહ" હેશટેગ સાથે સોશિયલ મીડિયા ઝુંબેશ શરૂ કરી ગુજરાત/ભારતમાં સરકારની નીતિઓએ નાગરિકોના જીવન પર કેવી રીતે સકારાત્મક અસર કરી છે, સમુદાયની ભાવના બનાવી અને સર્જનાત્મકતા કેળવી છે, તે વિશે તેમની વાર્તાઓ અનુભવો વગેરે સાઝા કરવા પ્રોત્સાહિત કરવાના રહેશે.<br>આ ઝુંબેશ દરમ્યાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી તરીકેના ૨૩ વર્ષના સુશાસન અને સિદ્ધિઓ આવરી લેવાનાં રહેશે. તેમની સામે કયા પડકારો હતા અને તે પડકારોને કેવી રીતે પહોંચી વળ્યા તેને કેન્દ્રમાં રાખી અને કેવી રીતે એક મુખ્યમંત્રી તરીકે ગુજરાતની સેવા કરતા-કરતા તેઓ શ્રી સમગ્ર | માહિતી અને પ્રસારણ વિભાગ, |

| | | | |
|---|---|---|---|
| | | દેશની આશા બની ગયા તેને પણ ઉજાગર કરવાના રહેશે. | |
| ૬ | સફળતાની ગાથા | શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ વિવિધ ક્ષેત્રોમાં થયેલા સુધારા અને પહેલોને કારણે પ્રાપ્ત થયેલી સફળતા વિશે વ્યાપારીઓ, યુવાઉદ્યોગ સાહસિકો વગેરેના TEDx જેવા ટોક-શોનું આયોજન કરવાનું રહેશે. | ઉદ્યોગ અને ખાણ વિભાગ |
| ૭ | યુવા વર્ગની સહભાગિતા | યુવાઓ તેમના વિકાસ પ્રત્યેનો દૃષ્ટિકોણ વ્યકત કરવા હેતુસર પ્રોત્સાહિત થાય તે માટે શાળાઓ અને કોલેજોમાં વિકાસની થીમ ઉપર નિબંધ લેખન, વકૃત્વ સ્પર્ધાઓ જેવા કાર્યક્રમો યોજવાના રહેશે.<br>સુશાસન વિશે શાળાઓ અને કોલેજોમાં ઈન્ટરેક્ટિવ વર્કશોપ આયોજિત કરી તેમજ ગુજરાતના ભવિષ્યને ઘડવામાં યુવાનોને તેમની ભૂમિકા વિશે ચર્ચા કરવા અને સમજવા માટે પ્રોત્સાહિત કરવાના રહેશે.<br>શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસ માટેના વિઝનને અનુરૂપ હોય તેવા નવા પ્રોજેક્ટસ માટે વિચારો રજૂ કરી શકે તેવા ઈનોવેશન ચેલેન્જનું આયોજન પણ કરવાનું રહેશે. | શિક્ષણ વિભાગ<br>શ્રમ અને રોજગાર વિભાગ |
| ૮ | કલા સ્થાપત્ય (Art Installation) | સ્થાનિક કલાકારોનો સહયોગ મેળવી વિકાસ, સશક્તિકરણ અને એકતા વગેરેની થીમ્સને પ્રતિબિંબિત કરતા રિસાયકલ કરેલી સામગ્રી તેમજ સમુદાયના યોગદાનનો ઉપયોગ કરી સાર્વજનિક કલા સ્થાપત્ય બનાવવાના રહેશે. | ઉદ્યોગ અને ખાણ વિભાગ |
| ૯ | વિકાસ રથ | મુખ્યમંત્રીથી લઈને પ્રધાનમંત્રી બનવા સુધીના શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પો અને સિદ્ધિઓને વિઝ્યુઅલ રીતે દર્શાવતા મોબાઈલ પ્રદર્શનો યોજવામાં આવશે. જેમાં ભુજ ભૂકંપ પુનઃનિર્માણ, વાઈબ્રન્ટ ગુજરાત સમિટ, ડિજિટલ ઈન્ડિયા મિશન, મેક ઈન ઈન્ડિયા, જન-ધન વગેરે વિષયો આવરી લેવાના રહેશે.<br>વધુમાં, આ વિકાસ રથયાત્રા દરમિયાન ગુજરાતના નાગરિકોને ગુજરાતના વિકાસમાં જોડાવા માટે પ્રતિજ્ઞા લેવડાવા માટે પ્રોત્સાહિત કરવાના રહેશે. | માહિતી અને પ્રસારણ વિભાગ |
| ૧૦ | ગુજરાત વિકાસ ઈનોવેશન એક્સ્પો | ગુજરાતના આર્થિક અને સામાજિક વિકાસમાં યોગદાન આપનારા સ્ટાર્ટઅપ્સ, નવીન શોધ કરનારા અને ઉદ્યોગસાહસિકોના પ્રદર્શનનું આયોજન હાથ ધરી આ પ્રદર્શનમાં લાઇવ ડેમો, પ્રોટોટાઇપ શોકેસ અને ઉદ્યોગસાહસિકો સાથે નેટવર્કિંગની તકોનું આયોજન કરવાનું રહેશે. | ઉદ્યોગ અને ખાણ વિભાગ |
| ૧૧ | ગુજરાતના | ગુજરાતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ | માર્ગ અને મકાન વિભાગ, |

| | | | |
|---|---|---|---|
| | મહત્વના સ્થળોનું સુશોભન | થયેલ વિકાસને હાઈલાઈટ કરવા અને જાગૃતિ લાવવા માટે સ્મૃતિવન, સ્ટેચ્યુ ઓફ યુનિટી, મહાત્મા મંદિર સહિતના મહત્વના સ્થળોને આ સપ્તાહ દરમિયાન સુશોભિત કરવાના રહેશે. | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ |
| ૧૨ | ભીંત ચિત્રો (Wall Painting) | પ્રખ્યાત જાહેર સ્થળોની દિવાલો ઉપર ભીંત ચિત્રો બનાવીને વિકાસ સપ્તાહની ઉજવણી કરવાની રહેશે. | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ |
| ૧૩ | શાળાઓમાં પ્રવચનો અને ક્વીઝનું આયોજન | ગુજરાતમાંથી લખપતિ દીદીઓ અને ડ્રોન દીદીઓ તેમજ અન્ય ક્ષેત્રમાં સફળતા મેળવેલ બહેનોને અતિથિ તરીકે બોલાવી શાળાઓમાં ખાસ કરીને આદિવાસી વિસ્તારની શાળાઓમાં તેઓના પ્રવચનોનું આયોજન કરવાનું રહેશે તથા શાળાઓમાં ગુજરાતની વિકાસયાત્રાને કેન્દ્રમાં રાખીને ક્વીઝનું આયોજન કરવાનું રહેશે. | શિક્ષણ વિભાગ |

(૧) ઉક્ત કાર્યક્રમો ઉપરાંત સમયાંતરે વિકાસ સપ્તાહના કાર્યક્રમોની સમીક્ષા કરી જરૂર જણાયેથી નવીન કાર્યક્રમો મુખ્યમંત્રીશ્રીની મંજૂરી મેળવી ઉમેરી શકાશે.

(૨) સંબંધિત વિભાગોએ દર વર્ષે અગાઉ વિકાસ સપ્તાહ ઉજવવા માટેના કાર્યક્રમ/થીમેટીક દિવસ અંગે વિચારણા તથા આયોજન કરીને સામાન્ય વહીવટ વિભાગને વિગતો મોકલી આપવાની રહેશે.

(૩) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સંબંધિત વિભાગોના પરામર્શમાં સરકારશ્રીની મંજૂરીથી દર વર્ષે વિકાસ સપ્તાહ માટે કાર્યક્રમોની યાદી પ્રસિદ્ધ કરવાની રહેશે.

૨. "વિકાસ સપ્તાહ"ની ઉજવણી માટે નીચે મુજબની ઉચ્ચ કક્ષાની માર્ગદર્શક સમિતિનું ગઠન કરવામાં આવે છે.

**(૧) ઉચ્ચ કક્ષાની માર્ગદર્શક સમિતિ :-**

(૧) માન. મુખ્યમંત્રીશ્રી – અધ્યક્ષશ્રી
(૨) માન. નાણાં મંત્રીશ્રી – સભ્યશ્રી
(૩) માન. પંચાયત મંત્રીશ્રી – સભ્યશ્રી
(૪) માન. શિક્ષણ મંત્રીશ્રી– સભ્યશ્રી
(૫) માન. આરોગ્ય મંત્રીશ્રી– સભ્યશ્રી
(૬) માન. ઉદ્યોગ મંત્રીશ્રી– સભ્યશ્રી
(૭) માન. માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી– સભ્યશ્રી
(૮) માન. માર્ગ અને મકાન મંત્રીશ્રી– સભ્યશ્રી
(૯) માન. રમત ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી–સભ્યશ્રી
(૧૦) માન. મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી– સભ્યશ્રી
(૧૧) મુખ્ય સચિવશ્રી– સભ્યશ્રી
(૧૨) અ.મુ.સ.શ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, વસુતાપ્રભાગ(સા.વ.વિ)–સભ્ય સચિવશ્રી

અધ્યક્ષશ્રીની મંજૂરી મેળવીને સમિતિમાં અન્ય આમંત્રિતોને ઉપસ્થિત રહેવા માટે જણાવી શકાશે.

"વિકાસ સપ્તાહ"ની ઉજવણીના સુચારૂ અમલીકરણ માટે નીચે મુજબની સમિતિઓનું ગઠન કરવામાં આવે છે.

**(૧) રાજ્ય કક્ષાની અમલીકરણ સમિતિ:–** વિકાસ સપ્તાહ દરમ્યાન આયોજિત કાર્યક્રમોના અમલીકરણ, સંચાલન અને સંકલન માટે નીચે મુજબની ઉચ્ચ કક્ષાની સમિતિનું ગઠન કરવામાં આવે છે.

(૧) મુખ્ય સચિવશ્રી –અધ્યક્ષશ્રી
(૨) અ.મુ.સ.શ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ –સભ્યશ્રી
(૩) અ.મુ.સ.શ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ– સભ્યશ્રી
(૪) અ.મુ.સ.શ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, શહેરી વિકાસ શહેરી ગૃહ નિર્માણ વિભાગ –સભ્યશ્રી
(૫) અ.મુ.સ.શ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ– સભ્યશ્રી
(૬) અ.મુ.સ.શ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, પ.પા., ગૌ. સં., મ. અને સહકાર પ્રભાગ– સભ્યશ્રી
(૭) અ.મુ.સ.શ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ –સભ્યશ્રી
(૮) અ.મુ.સ.શ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ (આ.પ્ર)–સભ્યશ્રી
(૯) સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ– સભ્યશ્રી
(૧૦) અ.મુ.સ.શ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, વસુતાપ્ર અને એનઆરઆઇ પ્રભાગ –સભ્ય સચિવશ્રી
(૧૧) અન્ય આમંત્રિતો

**(૨) જિલ્લા કક્ષાની અમલીકરણ સમિતિ:–**

(૧) જિલ્લા કલેક્ટરશ્રી–અધ્યક્ષશ્રી
(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી–સભ્યશ્રી
(૩) કાર્યપાલક ઇજનેર(માર્ગ અને મકાન વિભાગ)–સભ્યશ્રી
(૪) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી– સભ્યશ્રી
(૫) જિલ્લા આયોજન અધિકારીશ્રી– સભ્યશ્રી
(૬) જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી– સભ્યશ્રી
(૭) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી– સભ્યશ્રી
(૮) જિલ્લા રમતગમત અધિકારીશ્રી– સભ્યશ્રી
(૯) નાયબ નિયામકશ્રી, માહિતી – સભ્યશ્રી
(૧૦) જનરલ મેનેજરશ્રી, જિલ્લો ઉદ્યોગ કેન્દ્ર– સભ્યશ્રી
(૧૧) નિવાસી અધિક કલેક્ટરશ્રી(RAC)- સભ્ય સચિવશ્રી
(૧૨) અન્ય આમંત્રિતો

(અ) જિલ્લા/શહેર કક્ષાના કાર્યક્રમ માટે વહીવટી નિર્ણયો તેમજ કાર્યક્રમનું આયોજન અને દેખરેખ આ સમિતિના કાર્યક્ષેત્રમાં રહેશે. વધુમાં જિલ્લા કક્ષાએ થનાર કાર્યક્રમ માટે સંબંધિત (મ્યુનિસિપલ કોર્પોરેશન) મ્યુનિસિપલ કમિશનરશ્રીના સંકલનમાં રહી જિલ્લા સમિતિએ સમગ્ર કાર્યક્રમનું સુચારુ અમલીકરણ કરવાનું રહેશે.

### (૩) તાલુકા કક્ષાની અમલીકરણ સમિતિ:-

(૧) પ્રાંત અધિકારીશ્રી–અધ્યક્ષશ્રી
(૨) મામલતદારશ્રી –સભ્યશ્રી
(૩) ચીફ ઓફીસરશ્રી – સભ્યશ્રી
(૪) તાલુકા આરોગ્ય અધિકારીશ્રી –સભ્યશ્રી
(૫) તાલુકા વિકાસ અધિકારીશ્રી -સભ્ય સચિવશ્રી
(૬) અન્ય આમંત્રિતો

(અ) તાલુકા કક્ષાના કાર્યક્રમ માટે વહીવટી નિર્ણયો તેમજ કાર્યક્રમનું આયોજન, સુપરવિઝન અને મોનીટરીંગ આ સમિતિના કાર્યક્ષેત્રમાં રહેશે. સમિતિએ સમગ્ર કાર્યક્રમનું સુચારુ અમલીકરણ કરવાનું રહેશે.

૩. આ ઠરાવ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૦૭/૧૦/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: DR JAYSHANKER ODHAVANI H
Organization Unit: General Administration Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Oct-2024 (06:38 PM)

(ડૉ. જયશંકર ઓધવાણી)
સરકારના નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકારશ્રી/સલાહકારશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી / સચિવશ્રી/ખાસ ફરજ પરના અધિકારીશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ–૧, નવા સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ/ માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, તમામ વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.